
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH




પુસ્તક : ૯૭ * અંક ૧૧-૧૨

ભાદરવો-આસો

સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૦૦૦

આત્મ સંવત : ૧૦૪

વીર સં. : ૨૫૨૬

વિક્રમ સંવત : ૨૦૫૬


वीरोऽस्ति युद्धभूमीजिद् वीरः सिंहाभिभावकः ।
स तु वीरोऽस्ति वीराणां यो महाशय आत्मजित् ॥

*

યુદ્ધભૂમિને જીતનાર વીર છે, સિંહને પરાસ્ત કરનાર વીર છે, પણ પોતાની જાત પર જે જીત મેળવે છે તે વીરોનો વીર છે, જે આત્મજિત્ છે તે મહાવીર છે. ૧૨

*

A conqueror of battle-fields and vanquisher of lions are, no doubt, heroes, but the hero of heroes is he who gains victory over his self. 12

*(કલ્યાણભારતી ચેપ્ટર-૪ : ગાથા-૧૨, પૃષ્ઠ ૫૬)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ


## અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | પ્રાર્થના | | ૧૨૧ |
| (૨) | દિવાળી : પ્રભુ વીરનું નિર્વાણ-કલ્યાણક | મુ.શ્રી મેઘદર્શનવિજયજી | ૧૨૩ |
| (૩) | ભગવાન મહાવીરના વિવિધ નામ અને સગાસંબંધી | કુમારપાળ દેસાઈ | ૧૨૭ |
| (૪) | દરેક વસ્તુ મર્યાદામાં હોય ત્યાં સુધી સારી.... | મહેન્દ્ર પુનાતર | ૧૩૦ |
| (૫) | આત્મા અને પરાવલંબન | નરોત્તમદાસ અ. કપાસી | ૧૩૩ |
| (૬) | ૨૬૦૦ વર્ષ પહેલા જન્મ પામેલા એક મહામાનવ | પ્રશાંત દલાલ | ૧૩૬ |
| (૭) | પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો (ગતાંકથી ચાલુ ★ હપ્તો : ૨૧મો) | મુનિશ્રી જંબૂવિજયજી મ. | ૧૩૮ |
| (૮) | શ્રેષ્ઠ ધર્માચરણ | | ૧૪૦ |


### આ સભાના નવા પેટ્રન મેમ્બરશ્રી

શ્રી અનિલકુમાર રસીકલાલ સંઘવી—ભાવનગર

શ્રી વિનોદરાય દલીચંદ શાહ (મેટ્રો મેડીકલ સ્ટોર), ભાવનગર

### આ સભાના નવા આજીવન સભ્યશ્રી

શ્રી રમણીકલાલ ગોરધનદાસ પારેખ (જ્યુપીટર કેમીકલ કું.) મુંબઈ-૯

શ્રી હસમુખરાય નથુભાઈ શાહ (રૂપાણી સર્કલ), ભાવનગર

રૂા. ૫૦૦૦=૦૦ શ્રી સુમનરાય ગુલાબચંદ શાહ—માટુંગા, મુંબઈ તરફથી 'સભા નિભાવ ફંડ' ખાતે

રૂા. ૫૦૦૦=૦૦ શ્રીમતી પુષ્પાબેન શાંતિલાલ સોમાણી—ભાવનગરના સ્વર્ગવાસ નિમિત્તે 'કેળવણી અનામત કાયમી ફંડ' ખાતે હ. રાજેશભાઈ તથા મુકેશભાઈ શાંતિલાલ સોમાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

**શ્રી જૈન આત્માનંદ સભા**

ભાવનગરનું મુખપત્ર

**શ્રી આત્માનંદ પ્રકાશ**

તંત્રી : પ્રમોદકાંત ખીમચંદ શાહ

ફોન : ઓ. ૫૧૬૬૦૭ ઘર : ૫૬૩૬૪૫

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા

ખારગેઈટ, ખોડિયાર હોટલ સામે,

ખાંચામાં, ભાવનગર-૩૬૪૦૦૧

*

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૧=૦૦

સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૧=૦૦

*

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

આખું પેઈજ રૂા. ૩૦૦૦=૦૦

અર્ધુ પેઈજ રૂા. ૧૫૦૦=૦૦

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાન ખાતુ, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

: ચેક ડ્રાફટ :

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરના નામનો લખવો.

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ

(૨) દિવ્યકાંત એમ. સલોત—ઉપપ્રમુખ

(૩) હિંમતલાલ એ. મોતીવાળા—મંત્રી

(૪) ચીમનલાલ વર્ધમાન શાહ—મંત્રી

(૫) ભાસ્કરરાય વી. વકીલ—મંત્રી

(૬) હસમુખરાય હારીજવાળા—ખજાનચી


## પ્રાર્થના

## મારા પ્રભુજી સીમંધરસ્વામી

(રાગ : આવો આવો એ વીર સ્વામી)

મારા પ્રભુજી સીમંધર સ્વામી,
હું મહાવિદેહ આવીશ;
મીઠી મધુરી વાણી સુણવા,
અમ અંતર ઝંખે....મારા

દુર્લભ માનવ જન્મ મળ્યો છે,
મહાન પુણ્યોદયથી;
દેવ-ગુરુ ને ધર્મ મળ્યા છે,
મહાવિદેહ જાવાજી....મારા ૧

સોનાના સિંહાસન સોહે,
રત્નમણિના દીવા દીપેજી;
કેસર-ચંદન ભરી કચોળા,
પૂજન કરવા મારેજી....મારા ૨

પંચમ આરે જન્મ મળ્યો છે,
ભરતક્ષેત્રની ભૂમિમાં;
શાશ્વત શત્રુંજય સન્મુખ છે,
આદિશ્વર જિનરાયાજી....મારા ૩

આયુષ્ય પૂર્ણ કરીને આવું,
સીમંધર તુમ પાસ;
ચારિત્ર લઈ મોક્ષે સિધાવું,
એવી અમોને આશ....મારા ૪

શ્રી વૃદ્ધિચંદ્રજી મંડળ ગાવે,
ગાવે ભક્તિ ગાન;
ભક્તિ કરતાં ભાવ વધે તો,
થાશે બેડો પાર....મારા ૫

*—રચયિતા : ધનવંતભાઈ ડી. શાહ*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

''શ્રી આત્માનંદ પ્રકાશ'' માસિક ઉત્તરોત્તર પ્રગતિના
સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સહ....

*શુદ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલ*

# ડબલ ડી-ડી સાબુ

**તથા**

# ૭૦૭ જૈન સાબુ વાપરો

❀

: ઉત્પાદક :

**નિરવ સોપ ફેક્ટરી**

*મેસ રોડ, એલ. પી. હાઈસ્કૂલવાળો ખાંચો,*
*ભાવનગર-૩૬૪૦૦૧ ફોન : ૫૧૬૬૪૬*

❀

સેલ્સ ડીપો :

**લક્ષ્મી સાબુ ભંડાર**

ગોળ બજાર, ભાવનગર ૩૬૪૦૦૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દિવાળી : પ્રભુ વીરનું નિર્વાણ-કલ્યાણક

*લેખક : પૂ. મુનિશ્રી મેઘદર્શનવિજયજી મ.*

દિવાળીના પરમાત્મા મહાવીરદેવ મોક્ષે સીધાવ્યા. સર્વત્ર જ્ઞાનનો પ્રકાશ કરનાર પરમાત્મારૂપ ભાવદીપક ઓલવાઈ જતાં, લોકોએ દીવડા (દ્રવ્યદીપક) પ્રગટાવ્યા....અને ત્યારથી દિવાળી પર્વ શરૂ થયું.

આપણા અત્યંત ઉપકારી પરમપિતા પરમાત્મા મહાવીરદેવના છેલ્લા દિવસોમાં શું શું ઘટનાઓ બની ? તે આપણે હવે વિચારીએ.

પરમપિતા પરમાત્મા મહાવીરદેવે સાડા બાર વર્ષ ઘોર ઉપસર્ગો—પરિષહોને સહન કરીને વૈશાખ સુદ દશમના રોજ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ૪૨ થી ૭૨ વર્ષ સુધીના ૩૦ વર્ષના કાળ દરમ્યાન તેઓએ જગતના કલ્યાણાર્થે અનેક દેશનાઓ આપી.

પરંતુ તેમની પહેલી અને છેલ્લી દેશના વિશિષ્ટ બની ગઈ. પ્રથમ દેશના : કોઈપણ જીવને વિરતિનો પરિણામ જાગવાની શક્યતા ન જણાતાં ક્ષણવારમાં જ પૂર્ણ થઈને નિષ્ફળ ગઈ. જ્યારે છેલ્લી દેશના લગાતાર સોળ પ્રહર (૪૮ કલાક) ચાલી !!!

તે દેશના દરમ્યાન જુદી જુદી ઘટનાઓ પણ બની છે. છેલ્લે પરમાત્મા મોક્ષપદને પામ્યા.

**(૧) ચાર પુરુષાર્થનું વર્ણન :**—આસો વદ ૧૪ના રોજ શરૂ થયેલી આ દેશનામાં પરમાત્માએ ચાર પુરુષાર્થનું વર્ણન કર્યું.

**(૨) સ્વપ્ન ફળ કથન :**—ત્યારબાદ હસ્તિપાળ રાજાએ પોતાને રાત્રિના સમયે આવેલાં આઠ વિચિત્ર સ્વપ્નોનું ફળ પૂછયું.

પરમાત્માએ તે આઠ સ્વપ્નોનું જે ફળ કહ્યું તેનો સાર એ હતો કે, ભાવિ અંધકારમય છે! ચતુર્વિધ સંઘના ઘણા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓ મોક્ષમાર્ગથી દૂર થવા લાગશે. અંધાધૂંધી ફેલાશે. છતાં તેવા અંધકારમય ભાવિ-કાળમાં થોડાક સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા એવાં પણ હશે કે જે જેઓ ઊંચું જીવન જીવશે. આજુબાજુની અંધાધૂંધ અવસ્થામાં પણ તેઓ મોક્ષમાર્ગમાં ટકી રહેશે. સુંદર કોટિની આરાધના કરીને આત્મકલ્યાણના માર્ગે વધુ ને વધુ વિકાસ સાધશે.

પરમાત્માએ બધા જીવો ખરાબ પાકશે એમ ન કહેતા ઘણા જીવો ખરાબ પાકશે તેમ કહ્યું છે અને સાથે સાથે કેટલાક જીવો સુંદર આરાધના કરશે તેમ પણ કહ્યું છે, તે આપણા માટે આનંદની વાત છે, કારણ કે, જો બધા જીવો કહ્યું હોત તો આપણો પણ તેમાં સમાવેશ થતાં, ગમે તેટલો પુરુષાર્થ કરવા છતાંય આપણે મોક્ષમાર્ગની આરાધના ન કરી શકત. પણ ઘણા જીવો ખરાબ પ્રકારના છે, તેમ કહીને થોડા જીવોને સારા પ્રકારના પણ જણાવ્યા છે. તેનો અર્થ એ થયો કે આપણે પોતે આપણો નંબર સારા પ્રકારમાં લગાડી શકીએ તેમ છીએ. આપણે જો વ્યક્તિગત જીવન ઊંચું જીવવું હોય તો આ કળીયુગમાં પણ કોઈ અવરોધક બની શકે તેમ નથી. આપણે જો નિશ્ચય કરીએ કે મારે મારો નંબર ઘણા જીવોમાં નહિ પણ પરમાત્માએ બતાવેલા થોડા જીવો જે મોક્ષમાર્ગના આરાધક બનાવાના છે તેમાં લગાવવો છે, તો તેવા પુરુષાર્થ કરીને આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊંચું જીવન ચોક્કસ જીવી શકીશું.

એક જ માણસને લોટરી લાગવાની હોય છતાંય લાખો માણસ તે લોટરીની ટીકીટ ખરીદે છે, કારણ કે તે દરેકના મનમાં, આ ઇનામ મને જ મળશે તેવી આશા હોય છે.

તે જ રીતે, પરમાત્માએ જે થોડા ઉત્તમ આત્માઓ બતાવ્યા છે, તેમાં મારો નંબર પણ લાગશે જ. લાવ, તે માટે હું સાધનામાં વેગ વધારું; તેવા ભાવ પેદા કરીશું તો ચોક્કસ આપણે પણ તેવું ઊંચું જીવન જીવી શકીશું.

ઘણાઓનું જીવન વિચિત્ર હશે, તેનો મતલબ એ કે આપણને ચારેબાજુ નિમિત્તો તો નબળા જ મળશે. તે નબળાં નિમિત્તોની વચ્ચે રહીને આપણે આપણા વ્યક્તિગત ઊંચા જીવનને જીવવાનો પ્રયત્ન કરવાનો છે. તે પ્રયત્ન કરવા માટે નીચેની વાત બરોબર ધ્યાનમાં રાખવી.

**'બીજાઓ માટે નિશ્ચય વિચારવો—જાત માટે વ્યવહાર વિચારવો.'**

બહારથી કોઈકનું વર્તન-વ્યવહાર ઢીલું દેખાય, વિષમ દેખાય તો વિચારવું કે બહારથી ભલે તેઓ ઢીલા દેખાય છે પણ અંદરથી પોતાની તે ઢીલાશ બદલ રડતા હશે તો ? ભારોભાર પશ્ચાત્તાપ કરીને ગુરુભગવંત પાસે સેવાતા દોષોનું પ્રાયશ્ચિત કરતાં હશે તો ? આપણને એમના અંદરના ભાવ (નિશ્ચય)ની શી ખબર પડે ? માટે બહારની વાતો જોઈને—સાંભળીને મારે તેમની નિંદા કે ટીકા નથી કરવી. પોતાની જાત માટે નિશ્ચય ન જોતાં બાહ્યાચાર રૂપ વ્યવહાર જોવાનો. મારા જીવનમાં ક્યાંય શિથીલતા ન જ ચાલે. મારે તો ઊંચું જ જીવન જીવવાનું.

જો આ રીતે બીજાનો નિશ્ચય અને પોતાનો વ્યવહાર જોયા કરીશું તો નિરાશ નહિ થવાય, બીજાની નિંદા નહિ થાય અને જાતનું ઊંચું જીવન જીવવાની શક્તિ પ્રાપ્ત થશે.

**(૩) ગૌતમસ્વામીની ભાવિ જિજ્ઞાસા :—** આઠ સ્વપ્નનું ફળ વર્ણન પૂર્ણ થતાં ગૌતમસ્વામીજીએ ભવિષ્યકાળ અંગે પોતાની જિજ્ઞાસા પ્રદર્શિત કરી.

પરમાત્માએ પાંચમો આરો તથા ત્યાર પછી આવનારા છઠ્ઠા આરાના વિષમકાળનું વર્ણન કર્યું. છઠ્ઠો આરો પૂર્ણ થતાં, અવસર્પિણીકાળ પૂરો થશે. ઉત્સર્પિણીકાળ શરૂ થશે. તેનો પહેલો-બીજો આરો પૂર્ણ થતાં, ત્રીજા આરામાં શ્રેણિક મહારાજાનો આત્મા પહેલા નરકમાંથી નીકળીને પદ્મનાભ-સ્વામી નામના પ્રથમ તીર્થંકર થશે તેનું તથા ગૌતમસ્વામી પછી થનારા મહાપુરુષો વગેરેનું વર્ણન કર્યું.

**(૪) પ્રભુનું હસ્તિપાલ રાજાની દાન-શાળામાં ગમન :—**ત્યાર પછી પ્રભુ મહાવીરદેવ સમવસરણમાંથી બહાર નીકળીને અપાપાપુરીના રાજા હસ્તિપાલની દાનશાળામાં ગયા.

**(૫) ગૌતમસ્વામીને પ્રતિબોધાર્થે મોકલ્યા :-** પરમાત્મા મહાવીરદેવ જાણતા હતા કે ગૌતમસ્વામીને મારા પ્રત્યે જે સ્નેહરાગ છે, તે તેમને કેવળજ્ઞાન થવા દેતો નથી. આ સ્નેહરાગને તોડવા માટે પરમાત્માએ ગૌતમસ્વામીને દેશવર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ પમાડવા માટે બાજુના ગામમાં મોકલ્યા.

**(૬) અધ્યયન કથન :—**ગૌતમસ્વામી દેશવર્માને પ્રતિબોધ પમાડવા વિદાય થયા અને પરમાત્માએ પુણ્યફળના ૫૫ અધ્યયન કહ્યા. ત્યાર પછી પાપફળના ૫૫ અધ્યયન કહ્યા.

પરમાત્માની કરૂણા જાણે કે પૂર બહારમાં ખીલી રહી હતી. જતાં જતાં પણ વિશ્વના જીવોને તારી દેવાની ભાવના જાણે કે વ્યક્ત ન થતી હોય તેમ પરમાત્માએ ત્યારપછી કોઈએ નહિ પૂછેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવા ૩૬ અધ્યયનો કહેવાનું શરૂ કર્યું, જે આજે ઉત્તરાધ્યયન સૂત્ર તરીકે પ્રસિદ્ધ છે. તેમાંનું છત્રીસમું પ્રધાન નામનું અધ્યયન પરમાત્મા ફરમાવી રહ્યા હતાં ત્યારે ધર્મ મહાસત્તાને પ્રભુનો નિર્વાણ (મોક્ષગમન) કાળ નજીક હોવાથી ઈન્દ્રનું સિંહાસન કંપાયમાન કર્યું.

**(૭) ઇન્દ્રનું આગમન અને વિનંતી :–** દેવો અને ઈન્દ્રનું ત્યાં આગમન થયું. ઈન્દ્રે પરમાત્માને અશ્રુપૂર્ણ આંખે વિનંતી કરી કે પ્રભુ ! આપનો નિર્વાણકાળ નજીક છે. આપ એક ક્ષણ આયુષ્ય વધારી દો. કારણ કે આપના નિર્વાણ પછી તરત ભસ્મગ્રહ આપના જન્મ નક્ષત્રમાં સંક્રાન્ત થાય છે. તે આપના શાસનના સંઘને (૨૦૦૦+૫૦૦ વક્રીના) ૨૫૦૦ વર્ષ સુધી ખૂબ જ નુકશાન કરશે. જો આપ આપનું આયુષ્ય ક્ષણ જેટલું વધારી દો તો આપની અમીનજર આ ભસ્મગ્રહ ઉપર પડી જાય તો ઉદય પામતા આ ભસ્મગ્રહની તે ખરાબ કરવાની તાકાત તૂટી જાય! પણ પરમાત્માએ કહ્યું કે નિયતિ બળવાન છે. જૈનસંઘનું અશુભ થવાનું જ છે. ભસ્મગ્રહ તો માત્ર નિમિત્ત છે. તેથી એકાદ ક્ષણ પણ આયુષ્ય વધી શકે નહિ.

**(૮) યોગ-નિરોધની પ્રક્રિયા :–** પછી પરમાત્માએ (પદ્માસન)માં રહીને મન-વચન-કાયાનો યોગ (નાની કે મોટી ક્રિયાઓ)ને રૂંધવાની પ્રક્રિયા કરી. અ, ઈ, ઉ, ઋ, લૃ એ પાંચ હ્રસ્વ સ્વરો બોલતાં જેટલો સમય લાગે તેટલા સમયમાં પરમાત્માએ આ યોગને રૂંધવાની ક્રિયા ૧૪માં ગુણસ્થાનકે રહીને પૂર્ણ કરી.

**(૯) પ્રભુનું મોક્ષગમન :–** યોગ રૂંધાતા જ પરમાત્મા મહાવીરદેવનો આત્મા શરીરને છોડીને તરત જ મોક્ષમાં પહોંચી ગયો. પરમાત્મા નિર્વાણ પામ્યા. ચૌદે રાજલોકના જીવોએ ક્ષણ માટે શાતાનો અનુભવ કર્યો.

**(૧૦) કુંથુઆ જીવોની ઉત્પત્તિ અને અનશન :–** તે વખતે ઢગલાબંધ સૂક્ષ્મ કુંથુઆ જીવોને ઉત્પન્ન થઈને સર્વત્ર પથરાયેલા જોઈને હવે સંયમ જીવનની આરાધના મુશ્કેલ બનશે એવું વિચારીને અનેક મહાત્માઓએ અનશન સ્વીકાર્યું.

**(૧૧) નિર્વાણ મહોત્સવ :–** દેવો–ઈન્દ્રો–મનુષ્યો વગેરેની એક આંખમાં પરમાત્માની મોક્ષપદની પ્રાપ્તિ થવા બદલ આનંદના આંસુ આવ્યા તો બીજી આંખમાં પરમપિતા પરમાત્માને ગુમાવવા બદલ શોકના આંસુ વહેવા લાગ્યા. પરમાત્માની અગ્નિસંસ્કારની વિધિ પતાવીને દેવો–ઈન્દ્રોએ નંદીશ્વર દ્વીપ ઉપર જઈને અઠ્ઠાઈ મહોત્સવ કર્યો.

**(૧૨) દીપાવલિકા પર્વની ઉત્પત્તિ :–** પરમાત્માનું નિર્વાણ થવાથી ભાવદીપક આપણી પાસેથી હવે ઝૂંટવાઈ ગયો ! હવે શું કરીશું ? તેવા વિચારે રાજાઓએ દ્રવ્ય દીપક (દીવડાઓ) પ્રગટાવ્યા અને ત્યારથી આ રીતે દીપાવલિકા પર્વ શરૂ થયું.

**(૧૩) ગૌતમસ્વામીને કેવળજ્ઞાન :–** દેશવર્મા બ્રાહ્મણને પ્રતિબોધ પમાડીને, પરમાત્માના નિર્વાણ (દિવાળી) પછીની સવારે ગૌતમસ્વામી પાછા ફરી રહ્યા હતા, ત્યારે રસ્તામાં પરમાત્માના નિર્વાણ મહોત્સવ નિમિત્તે આવી રહેલા દેવો પાસેથી પરમાત્માના નિર્વાણના સમાચાર સાંભળીને તેઓ નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા ! પરંતુ પરમાત્માની વીતરાગ દશાનો ખ્યાલ આવતાં, સ્નેહરાગ તુટ્યો....વૈરાગ્યની ધારામાં આગળ વધ્યા... અને તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેઓ સર્વજ્ઞ બન્યા.

જે હૃદયના બાળ બને તેને કેવળજ્ઞાન મળે. ગૌતમસ્વામી હૃદયના બાળ બની શક્યા તો

For Private And Personal Use Only

કેવળજ્ઞાન મેળવી શક્યા. તેમના જીવનની નવી પ્રભાત શરૂ થઈ. તેની યાદીમાં બેસતું વર્ષ શરૂ થયું.

બેસતા વર્ષના મંગલમય પ્રભાતે આપણે પણ ગૌતમસ્વામી જેવા હૃદયના બાળ બનવાનો સંકલ્પ કરીએ....

**(૧૪) ભાઈબીજ :–**પરમાત્મા મોટાભાઈ નંદીવર્ધનને પરમાત્માના નિર્વાણના સમાચાર મળતાં તેઓ અત્યંત શોકાતુર બન્યા હતા. તેમનો શોક કેમે ય કરી ઓછો થતો નહોતો. તેમને સાંત્વન આપવા બહેન સુદર્શનાએ ભાઈ નંદીવર્ધનને બીજના દિને પોતાના ઘરે બોલાવીને જમાડ્યા. ત્યારથી ભાઈબીજની શરૂઆત થઈ.

**(૧૫) દિવાળી પર્વની આરાધના :–** પરમાત્મા મોક્ષે પધાર્યા ત્યારે તેમને છઠ્ઠનો તપ હતો. તેમના મોક્ષમાં જવાથી આપણે અનાથ બન્યા. આ જાણ્યા પછી દિવાળીને રંગ-રાગથી, ખાવા-પીવાના જલસા કરવા દ્વારા કે અનેક જીવોની હિંસા કરનારા ફટાકડા ફોડવા દ્વારા શી રીતે ઉજવી શકાય ?




શ્રી આત્માનંદ સભા
દ્વારા પ્રકાશિત
**"શ્રી આત્માનંદ પ્રકાશ"**
રૂપી
જ્ઞાન દિપક
સદા
તેજોમય રહે
તેવી
હાર્દિક
શુભેચ્છાઓ....

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન શ્રી મહાવીરસ્વામીના વિવિધ નામ અને વિવિધ ભવના સગાં-સ્નેહીઓ

*લેખક : કુમારપાળ દેસાઈ*

ભગવાન શ્રી મહાવીરસ્વામીના વિવિધ ભવના સગાં-સ્નેહીઓ કેવા હતા ? એમનો પ્રથમભવ મરિચીનો હતો. આ ભવની કથા એટલી જ જાણીતી છે. બીજો ભવ કૌશિકનો, ત્રીજો ભવ પુષ્યમિત્રનો, ચોથો અગન્યુદ્દ્યોત છે. હવે એમના પછીના ભવના સગાં-સ્નેહીઓનો વિચાર કરીએ.

પાંચમાં ભવમાં કૌશિક બ્રાહ્મણ તરીકે ભગવાન શ્રીમહાવીરસ્વામીએ ત્રિદંડી ધર્મ પાળ્યો. એ પછી એમના અનેક ક્ષુલ્લક ભવો મળે છે.

છઠ્ઠા ભવમાં અગાઉના ભવની પેઠે બ્રાહ્મણ તરીકે જન્મ્યા અને ત્રિદંડી ધર્મ પાળ્યો. આઠમા ભવમાં પણ એ જ રીતે અગન્યુદ્યોત તરીકે બ્રાહ્મણ તરીકે જન્મ્યા અને ત્રિદંડી ધર્મ પાળ્યો. દસમાં ભવમાં બ્રાહ્મણ કુળમાં અગ્નિભૂતિ તરીકે જન્મ થયો. એમના પિતાનું નામ સોમિલ અને માતાનું નામ શિવભદ્રા હતું. આ અગ્નિભૂતિએ સમય જતાં પરિવાજક સૂરસેન પાસે દીક્ષા લીધી. બારમાં ભારદ્વાજ તરીકેના બ્રાહ્મણ તરીકેના ભવમાં પણ એમણે ત્રિદંડી ધર્મ સ્વીકાર્યો હતો. તેરમાં ભવ પછીના વિવિધ સામાન્ય ભવોની માહિતી સાંપડતી નથી. ચૌદમાં ભવમાં કપિલ બ્રાહ્મણની કાંતિમતી નામની પત્નીના પુત્ર સ્થાવર તરીકે એમનો જન્મ થયો અને ત્રિદંડી ધર્મ અંગીકાર કર્યો. દેવ તરીકેના પંદરમાં ભવ પછીના ક્ષુલ્લક ભવોની ગણના કરાતી નથી. તેમનો સોળમો ભવ તે વિશ્વભૂતિનો. આ વિશ્વભૂતિના પિતાનું નામ વિશાખભૂતિ અને કાકાનું નામ વિશ્વનંદિ હતું. આ વિશાખભૂતિની પત્ની ધારિણી અને તે વિશ્વભૂતિની માતા હતી. વિશ્વભૂતિના લગ્ન બત્રીસ કન્યાઓ સાથે થયા હતા. વિશ્વભૂતિને મદનલેખા (પ્રિયંગુ) નામની પત્ની હતી. આ મદનલેખા તે વિશ્વભૂતિની કાકી થાય અને વિશાખનંદિ તે એમના દીકરા થાય.

ઓગણીસમો ભવ તે ત્રિપૃષ્ઠ તરીકેનો હતો. આ ત્રિપૃષ્ઠના પિતાનું નામ પ્રજાપતિ અને માતાનું નામ મૃગાવતી હતું. એકવીસમાં ભવ પછીના ક્ષુલ્લક ભવો વિશે કોઈ માહિતી મળતી નથી. જ્યારે બાવીસમાં વિમલના ભવમાં એમના પિતાનું નામ પ્રિયમિત્ર અને માતાનું નામ વિમલા છે.

ત્રેવીસમાં પ્રિયમિત્ર તરીકેના ભવમાં તેઓ મહાવિદેહક્ષેત્રમાની મુકા નગરીના રાજા ધનંજય અને રાણી ધાણીના પુત્ર હતા. આ પ્રિયમિત્ર ચક્રવર્તીને અનેક રાજકન્યાઓ પરણાવવામાં આવી. અન્ય ચક્રવર્તીઓની પેઠે એને ૬૪૦૦૦ પત્નીઓ હતી. આ પ્રિયમિત્રએ અંતે પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા લીધી.

પચીસમાં ભવમાં જીતશત્રુ રાજા અને ભદ્રારાણીના પુત્ર નંદન તરીકે જન્મ થયો. આ નંદન પોતાના પુત્રને રાજગાદી સોપીને પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા લીધી. એ ભવમાં એણે વીસસ્થાનકોની આરાધના કરીને તીર્થંકરનામકર્મ–નિકાચિત કર્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામીનો સત્તાવીસમો ભવ એ એમનો અંતિમ ભવ છે. દેવાનંદાની કુક્ષિમાં શ્રી મહાવીરસ્વામી ૮૨ દિવસ રહ્યા. દેવાનંદાના પતિ ઋષભદત્ત હતા. એ પછી સિદ્ધાર્થ રાજાની રાણી ત્રિશલાની કૂખે એમનો જન્મ થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાસ્ત્રગ્રંથોમાં મહાવીરસ્વામીના પિતા સિદ્ધાર્થના બીજા બે નામો મળે છે અને તે છે શ્રેયાંસ અને યશસ્વિન.

ત્રિશલા રાણીના બે નામ મળે છે અને તે છે વિદેહદત્તા અને પ્રિયકારિણી. રાજકુમાર વર્ધમાનના કાકાનું નામ સુપાર્શ્વ, મોટાભાઈનું નામ નંદિવર્ધન હતું.

ભગવાન શ્રી મહાવીરનાં વિવિધ નામો મળે છે. એમના જન્મ સમયે રાજ્યમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધ્યા હોવાથી માતા-પિતાએ વર્ધમાન નામ આપ્યું. પ્રાચીન સમયમાં કુળથી વ્યકિતને ઓળખવામાં આવતી હતી; અને તેથી એમનું નામ જ્ઞાતનંદન મળે છે અને કયાંક એમનો જ્ઞાતપુત્ર તરીકે ઉલ્લેખ છે. નગરથી પણ વ્યક્તિની ઓળખ થતી હોવાથી 'સૂત્રકૃતાંગ'માં વૈશાલિક નામ મળે છે. રાગ-દ્વેષની ગ્રંથિથી મુક્ત હોવાને કારણે એમનું નામ નિગ્રંથ મળે છે. દીર્ઘ તપશ્ચર્યાને કારણે તેઓ શ્રમણ તરીકે ઓળખાયા. કલ્પસૂત્રમાં વિદેહ શબ્દ જોવા મળે છે. દિગંબર ગ્રંથોમાં સન્મતિ મળે છે અને લોકોએ એમને દેવાર્ય તરીકે ઓળખ્યા છે. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ સમકાલીન હતા. બૌદ્ધ ગ્રંથોમાં ભગવાન મહાવીર માટે નાટપુત્ત, નાતપુત્ત, ણાયપુત્ત અને નિગણ્ઠ તરીકે ભગવાન મહાવીરનો ઉલ્લેખ મળે છે. એમના પત્નીનું નામ યશોદા અને પુત્રીના બે નામ મળે છે--અનવદ્યા અને પ્રિયદર્શના. એમના દૌહિત્રીનાં બે નામ છે શેખવતી અને યશસ્વતી. રાજકુમાર વર્ધમાનના મામાનું નામ ચેટક હતું. રાજા ચેટકને સાત પુત્રીઓ હતી : ૧. પ્રભાવતી ૨. પદ્માવતી ૩. મૃગાવતી ૪. શિવા ૫. જયેષ્ઠા ૬. સુજયેષ્ઠા અને ૭ ચેલ્લણા. આમાંથી સુજયેષ્ઠાએ દીક્ષા લીધી હતી. રાજકુમાર વર્ધમાનના છ બનેવીના નામ આ પ્રમાણે છે : ૧. ઉદાયન ૨. દધિવાહન ૩. શતાનીક ૪. પ્રદ્યોત ૫. નંદિવર્ધન ૬. શ્રેણિક.

વર્ધમાનકુમારના ભાભીનું નામ જયેષ્ઠા હતું. એમના મોટાબહેન સુદર્શનાને જમાલિ નામે પુત્ર હતો. વર્ધમાને એમની પુત્રી અનવદ્યા (પ્રિયદર્શના)નાં લગ્ન જમાલિ સાથે કર્યા હોવાથી એ જમાઈ પણ ગણાય. સિદ્ધાર્થ એ વર્ધમાનના માસીનો પુત્ર હતો.

(ગુજરાત સમાચાર દૈનિક તા. ૨૦-૪-૨૦૦૦ ને ગુરુવારના અગમ નિગમ અને અધ્યાત્મપૂર્તિમાંથી સાભાર)


# નૂતન વર્ષાભિનંદન

**આપનું જીવન શ્વેતગિરિ જેવી શીતળતા, સરિતાના પ્રવાહ જેવી નિર્મળતા, વટવૃક્ષ જેવી સેવા પરાયણતા અને ધરા જેવી સહન-શીલતાપૂર્વક વૃદ્ધિવંત બનો, એવી નૂતન વર્ષના મંગલ પ્રભાતે હાર્દિક મનોકામના.**

: શુભેચ્છક :

**શ્રી જૈન આત્માનંદ સભા**

ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# નૂતન વર્ષાભિનંદન

આ નૂતન વર્ષે આપનું જીવન સદ્‌ગુણોની મંજરીથી સુગંધિત અને સુશોભિત બને !

આ નૂતન વર્ષે આપની જીવનયાત્રા પરમકૃપાળુ પરમાત્મા સરળ અને પ્રકાશિત બનાવે !

આ નૂતન વર્ષે આપનું જીવન પવિત્ર, રસમય, પ્રેમમય અને પ્રકાશમય બને !

આ નૂતન વર્ષે કુટુંબમાં–સમાજમાં પરસ્પર પ્રેમ, સંપ, ઐકય અને આનંદ વૃદ્ધિ પામો !

આ અમારી અંતરની શુભેચ્છાઓ છે.

**SHASHI INDUSTRIES**

SELARSHA ROAD, BHAVNAGAR-364001

PHONE : (O) 428254-430539

Rajaji Nagar, BALGALORE-560010


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દરેક વસ્તુ મર્યાદામાં હોય ત્યાં સુધી સારી : મર્યાદા ઓળંગે તો ઉપદ્રવ

માણસને કાંઈપણ મેળવવા માટે પ્રબળ ઝંખના જાગે ત્યારે તેની સ્થિતિ પાગલ જેવી બની જાય છે. જ્યાં સુધી એ વસ્તુ પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી ચેન પડતું નથી. માણસને અચાનક વગર મહેનતે જરૂર કરતા વધુ મળી જાય અને માણસ સખત પરિશ્રમ કરવા છતાં કશું મળે નહીં, આ બંને સ્થિતિમાં માણસ સમતુલા ગુમાવી બેસે છે. જે માણસ જીવનમાં સમતુલા ગુમાવે, સુખ-દુ:ખમાં સ્થિર ન રહી શકે, સમતા ધારણ ન કરી શકે તેની સ્થિતિ પાગલ જેવી જ બની જાય છે. ધન, દોલત, સત્તા, સંપત્તિ મળ્યા પછી અહં અને અહંકારનો પારો ઊંચે ચડે, મદ આવી જાય, અભિમાન ઊંભું થાય અને માણસ પોતાની જાતને બીજાથી ચડિયાતો માનતો થઈ જાય ત્યારે તે ડાહ્યો રહેતો નથી. અહંકાર તેને ગાંડોતૂર બનાવી દે છે. અહંકાર કોઈ મોટી બાબત અંગે ઊભો થાય એવું નથી. નાની નાની બાબતમાં પણ માણસ અભિમાનથી છલકાઈ જતો હોય છે.

કોઈપણ બાબતમાં જ્યારે અતિ આવે છે ત્યારે ગાંડપણની શરૂઆત થઈ જાય છે. જીવનમાં કશું પણ વધુ પડતું થાય ત્યારે મુશ્કેલી ઊભી કરે છે. અતિ ધન, અતિ ક્રોધ, અતિ પ્રેમ અને અતિ ડહાપણ સારું નથી. દરેક વસ્તુ મર્યાદામાં હોય ત્યારે તે સારી લાગે છે. મર્યાદા ઓળંગે છે ત્યારે તે ઉપદ્રવ બની જાય છે. કેટલાક માણસો વાતવાતમાં વરસી પડે છે. અને વાતવાતમાં તપી જતા હોય છે. વધુ પડતો પ્રેમ કરતા હોય છે. તેઓ વધુ પડતો ક્રોધ પણ કરી શકે છે. જૈન ધર્મમાં 'સમ્યક્'નું બહુ મહત્ત્વ છે. સમ્યક્નો અર્થ છે કાંઈ પણ વધુ નહીં અને કાંઈ પણ ઓછું નહીં. આપણું જીવન પણ એવું હોવું જોઈએ. ખાવું, પીવું, ઊંઘવું એ બધામાં આવો સમ્યક્ ભાવ હોવો જોઈએ. મર્યાદા અને સંયમપૂર્વકનું જીવન માણસને સંતોષી અને સુખી બનાવે છે. વધુ પડતો ડોળ, દેખાવ અને દંભ પણ માણસને પાગલપણાની હદ તરફ ધકેલી દે છે.

અહં, ઈર્ષા અને અદેખાઈ પણ માણસને પાગલ બનાવી દે છે. તે કોઈનું સારું જોઈ શકતો નથી. બીજાની ટીકામાં, નિંદામાં રાચે છે અને કોઈ બીજો પોતાનાથી આગળ નીકળી જાય કે કાંઈક વધુ મેળવી જાય તો જલ્યા કરે છે. ઈર્ષા અને અદેખાઈના કારણે કંકાસ, કલહ વધે છે. મતભેદો, મનભેદો અને પૂર્વગ્રહ વધુ ઘેરા બને છે અને માણસ ન કરવાનું કરી બેસે છે. અહં અને ઈર્ષામાં જ્યારે જીભ ભળે છે ત્યારે માણસ પોતાની સાચી કે ખોટી વાત પકડી રાખે છે. હું કહું એ જ સાચું એવું મિથ્યાભિમાન સમરાંગણ સર્જે છે. ઈર્ષા, અભિમાન, અહંકાર અને ખોટી જીદના કારણે મહાભારત રચાયું હતું. દ્રૌપદીના કટુ વચનો, દુર્યોધનનો અહંકાર અને દુ:શાસનની દુષ્ટતાએ પાગલપણું ઊભું કર્યું ન હોત તો એક મહાયુદ્ધ અને સંહાર સર્જાતો અટકાવી શકાત. સિકંદરના માથે આખી દુનિયા જીતવાનું ભૂત સવાર થયું હતું પરંતુ આખરે કશું હાથમાં આવ્યું નહીં. બધુ છોડીને અંતિમ વિદાય લેવી પડી. અહંકાર અને જીદથી અનેક અનર્થો સર્જાયા છે. નાની નાની વાતમાં હું કહું એ જ સાચું એવું ઠસાવવાનો પ્રયાસ થતો હોય છે. આ અંગે એક નાની કથા પ્રેરક છે.

જમાઈ અને સસરો હળ ચલાવીને ખેતર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખેડતા હતા. ત્યારે રસ્તા પરથી પસાર થતાં વટેમાર્ગુએ પૂછ્યું, 'સ્ટેશન અહીંથી કેટલું દૂર છે.'

સસરાએ કહ્યું : 'ચાર માઈલ.' જમાઈએ તેની વાત કાપી નાખી અને કહ્યું ચાર માઈલ નહીં ત્રણ માઈલ દૂર છે. વટેમાર્ગુ તો ચાલતો થયો પણ સસરો અને જમાઈ વચ્ચે ચાર માઈલ અને ત્રણ માઈલનો વિવાદ ચાલુ રહ્યો. બંને પોતપોતાની વાતને વળગી રહ્યા.

સસરો કહે 'અહીં આ વિસ્તારમાં ચાલી ચાલીને મારા ટાંટીયા ઘસાઈ ગયા છે. અહીંનું તસુએ તસુ જમીનનો મને ખ્યાલ છે. કયું સ્થળ કેટલું દૂર છે તેની તારા કરતા મને વધુ સમજણ છે.'

જમાઈ કહે 'તમે હવે ઘરડા થયા છો. તમારા ટાંટીયા હવે ચાલતા નથી. એટલે તમને એ અંતર વધુ લાગે છે. બંને ઝઘડી પડ્યા. સસરો ચાર માઈલમાંથી ઓછું કરે નહીં અને જમાઈ ત્રણ માઈલમાં કશું વધારવા તૈયાર નહીં.

ભાત લઈને દીકરી ખેતરે આવી અને તેણે આ તમાશો જોયો. સસરો અને જમાઈ આથડી પડવાની તૈયારીમાં હતા. પરંતુ ડાહી દીકરીએ બાજી સંભાળી લીધી અને તેણે કહ્યું 'બાપુ તમારા ચાર માઈલમાંથી એક માઈલ મને આપો.'

બાપુ કહે 'દીકરી તારાથી વધારે શું ? જા આપ્યો.' દીકરીએ કહ્યું 'હવે કેટલા માઈલ રહ્યા? બાપે કહ્યું 'ત્રણ માઈલ રહ્યા.' દીકરીએ કહ્યું બાપુ હવે તો સ્ટેશન ત્રણ માઈલ દૂર થયું ને ? બાપે હા પાડી અને ઝઘડાનું નિરાકરણ થયું. ત્રણ માઈલ એ બંનેને શો ફરક પડતો હતો. તેમને ક્યાં ચાલવું હતું. અને ચાલવું હોત તો પણ અંતરમાં તો જે છે તે જ રહેવાનું હતું. પરંતુ હું કહું એ જ સાચું. મારા જેવું કોઈ નહીં. આ બધા અહં અને અભિમાનના કારણે માણસો સામસામા ટકરાતા હોય છે. આ પાગલપણું નહીં તો બીજું શું ?

*લેખક : મહેન્દ્ર પુનાતર*

*(મુંબઈ સમાચાર તા. ૬-૧૨-૯૮ના જિનદર્શન વિભાગમાંથી સાભાર)*

Trade Mark No. 750822 Copy Right No. 56029/99

**શુદ્ધ વનસ્પતિ તેલોમાંથી બનાવેલ એકમાત્ર**

*વિજયનો* **જૈનસાબુ** *વાપરો*

અધિકૃત વિક્રેતા :

**વિજય એજન્સી**

✆ : 426728

**વિજય સેલ્સ કોર્પોરેશન**

✆ : 516782

*ઉત્પાદક :*

**વિજય સોપ એન્ડ ડીટર્જન્ટ ઇન્ડસ્ટ્રીઝ**

મોતી તળાવ રોડ, કુંભારવાડા,

ભાવનગર-૩૬૪૦૦૬

✆ (O) 51 04 61 (R) 56 22 86

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાર્થના

હે દેવાધિદેવ ! આખી અમારી જીંદગી આમ તો અનિશ્ચિત છે. એમાં ક્યારે શું બનશે એની અમને ક્યાં ખબર છે ? આખી જીંદગી અનિશ્ચિત હોવા છતાંય પ્રભુ ! અમારું મોત તો નિશ્ચિત છે, પણ તેનો દિવસ, સમય અને સ્થળ બધું અનિશ્ચિત છે, અમારે એક દિ' ઢળી પડવાનું છે એની અમને ખબર છે, પણ ક્યારે, ક્યાં ઢળી પડવાનું છે એની અમને કશી ખબર નથી. ભલે તું અમને એની ખબર ન પડવા દે ! પણ પ્રભુ ! એટલી તો ખબર પાડ કે, અમે જ્યારે જ્યાં પણ ઢળી પડીએ ત્યારે તું ત્યાં હાજર હોઈશ કે નહિ ? અમે તારી પાસેથી એટલી પ્રોમીસ લેવા માંગીએ છીએ કે, સગા વહાલા બધા ભલે ગેરહાજર હોય પણ પ્રભુ ! તારી હાજરી અનિવાર્ય છે. અમે તારી પાસે આટલું માંગીએ છીએ કે, જીવનના છેલ્લા શ્વાસે પણ તારું સ્મરણ હોજો ! જાવાની વેળાએ અમારો જીવ તારામાં હોજો અને છેવટની આ ક્ષણોમાં તારી ખુદની હાજરી હોજો !

---

With Best Compliments from :

**AKRUTI**

**NIRMAN PVT. LTD.**

201, Mukhyadhyapak Bhavan, Road No. 24,
Above Nityanand Hall, SION (W.) MUMBAI-400 022
Tele : 408 17 56 / 408 17 62 (code No. 022)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મા અને પરાવલંબન

લેખક : નરોતમદાસ અમુલખરાય કપાસી (એડવોકેટ-મુંબઈ)

આત્મા જ્યોતિમય છે. પ્રકાશનો એ પુંજ છે. દીપકના પ્રકાશમાં જેમ સર્વ પદાર્થો પ્રકાશિત થાય છે તેમ આત્માના જ્ઞાન પ્રકાશમાં સર્વ પદાર્થો ચેતન અને જડ પ્રકાશિત બને છે. અરીસામાં જેમ પદાર્થોનું પ્રતિબિંબ પડે છે તેમ આત્મારૂપી અરિસામાં સમગ્ર જગતનું પ્રતિબિંબ પડે છે. વિશેષતા એ છે કે આત્મામાં એનું પોતાનું પ્રતિબિંબ પણ પડે છે. દીપકની સમાન સ્વ અને પર, એ બન્ને, આતમ-દીપકમાં પ્રકાશિત થાય છે.

વિશ્વમાં એવી કોઈ વસ્તુ નથી કે જે આત્માના કૈવલ્યજ્ઞાનમાં પ્રતિબિંબિત ન થતી હોય. જે પદાર્થો આત્મજ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે તે સર્વે ક્ષણે ક્ષણે પરિવર્તન પામે છે. સર્વ પદાર્થોની સર્વ અવસ્થાઓ, સર્વ પર્યાયો, આત્મ-પ્રકાશમાં અવતરિત થાય છે. એ અપેક્ષાએ આત્મજ્ઞાન સર્વ પદાર્થો ઉપર અવલંબિત રહે છે. પદાર્થોના પરિણમન પ્રમાણે આત્મજ્ઞાનમાં પણ પરિણમન થાય છે.

સર્વ દ્રવ્યોમાં જે સાતત્ય છે તે પણ આત્મજ્ઞાનમાં અવતરિત થાય છે. જો દ્રવ્ય જ ન હોય તો પ્રતિબિંબ કોનું પડે ? એ અપેક્ષાએ દ્રવ્યોનું અસ્તિત્વ આત્માના જ્ઞાનમાં કારણરૂપ બને છે અને આત્મા દ્રવ્ય ઉપર અવલંબિત બને છે.

પ્રતિક્ષણે પલટાતાં પદાર્થના સ્વરૂપો અનુસાર આત્મ-જ્ઞાનના સ્વરૂપોમાં પણ પરિવર્તન થાય છે.

પ્રત્યેક પદાર્થનું ત્રિકાલિક સ્વરૂપ આત્મ-જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. જે સ્વરૂપ ગઈકાલે વર્તમાનરૂપ હતું તે આજે ભૂતરૂપ બની ગયું છે. આજે જે સ્વરૂપ ભાવિરૂપ છે તે કાલે વર્તમાનરૂપ થશે. પદાર્થના પર્યાયો અનુસાર આત્મજ્ઞાનના પર્યાયો પણ પલટાય છે આત્માનું આ પરાવલંબન છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન અચેતન મન ઉપર અવલંબિત છે. મનની સહાય વિના નથી મતિજ્ઞાનની પ્રાપ્તિ થતી અને નથી શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થતી, માત્રથી માત્રનું જ્ઞાન મતિજ્ઞાન અથવા શ્રુતજ્ઞાન સ્વરૂપ છે. તે સર્વ અચેતન મન ઉપર અવલંબિત છે. માટે આ બન્ને જ્ઞાન પરોક્ષ જ્ઞાન તરીકે ઓળખાય છે.

મનની વિશુદ્ધિ અથવા અશુદ્ધ પરિણતિ અનુસાર આત્માની પરિણતિ વિશુદ્ધ અથવા અશુદ્ધ બને છે. એ દૃષ્ટિએ આત્માની ઉન્નતિ અને અવનતિ મન ઉપર અવલંબિત છે. મનની સહાય વિના શુદ્ધભાવમાં આત્મ-રમણતા થતી નથી.

દેહને ઘેનની પરિસ્થિતિમાં મૂકવાથી આત્મજાગૃતિનો અંત આવે છે. માદક પદાર્થોનું સેવન પણ આત્મજાગૃતિમાં અવરોધરૂપ બને છે.

ગતિ કરવા માટે આત્માને ધર્માસ્તિકાય ઉપર આધાર રાખવો પડે છે અને સ્થિત થવા માટે અધર્માસ્તિકાય ઉપર આધાર રાખવો પડે છે. કર્મ રહિત આત્માનો સ્વભાવ ઉર્ધ્વગતિ તરફ હોવા છતાં, લોકોને એની ઊર્ધ્વગતિ અટકી જાય છે. અલોકમાં ધર્માસ્તિકાયનો અભાવ આત્માને ઉર્ધ્વગતિમાં અવરોધક બને છે. અલોકમાં અધર્માસ્તિકાયનો અભાવ છે એટલે કર્મ રહિત આત્માને—લોકોને સ્થિર થઈ જવું પડે છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય અચેતન હોવા છતાં આત્માની ગતિ અને સ્થિતિ તેના ઉપર અવલંબિત છે. જેમ જળ વિના મત્સ્ય ન રહી શકે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાયુ વિના શબ્દ ગતિ ન કરી શકે તેમ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય વિના આત્મા ગતિ કરી શકે અને ન સ્થિર થઈ શકે.

આત્માને નિવાસ કરવા માટે અચેતન આકાશની આવશ્યકતા છે. આકાશના અભાવમાં આત્મા ક્યાં વસે ?

ત્રિકાલિક જ્ઞાનની પ્રાપ્તિ માટે કાળની આવશ્યકતા રહે છે. જો કાળ ન હોય તો આત્માને ત્રિકાલિક જ્ઞાનની પ્રાપ્તિ શી રીતે થાય ?

નિવાસ માટે આત્માને દેહની આવશ્યકતા રહે છે સિદ્ધિ સ્થાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આત્માને દેહમાં નિવાસ કર્યા વિના છૂટકો જ નથી.

અચેતન વાણી દ્વારા અરિહંત પરમાત્મા વિશ્વમાં તારક બને છે. જક્ર શબ્દોનું અવલંબન માત્ર અરિહંત પરમાત્માને લેવું પડે છે, તેમ નથી. સદ્‌ગુરુઓને પણ તે આલંબનનો સ્વીકાર કર્યા વિના ચાલતું નથી. ચૈતન્યશક્તિનો વિકાસ વાણી વિના થઈ શકતો નથી.

નિર્મળ સ્વરૂપી આત્માનું મૂળસ્થાન તો નિગોદ છે. ત્યાં સર્વ આત્માઓની અશુદ્ધિ પરાકાષ્ટાએ પહોંચેલી છે. ગતિ નામકર્મની તેમની આધીનતા તેમને નિગોદની બહાર નીકળતાં અટકાવે છે.

અન્ય એકેન્દ્રિય જીવો અને વિકલેન્દ્રિય જીવો પણ, તેમના કાર્યની આધીનતાથી મનન શક્તિથી રહિત છે. પરિણામે વિશુદ્ધિ પ્રાપ્ત કરવાની વિચારણા પણ તેમને નથી.

તિર્યંચ પંચિન્દ્રિય જીવો વિવેક વિહીન હોય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ તેમને માટે અત્યંત કઠિન હોય છે. કષાય મોહનીયની આધીનતા તેમને પ્રગતિમાં અંતરાયરૂપ બને છે.

નારકીના જીવોનું તીવ્ર દુઃખ, ક્રોધ મોહનીય કર્મમાં પરિણમે છે. વિરલ સમ્યક્ત્વી નારકોને બાદ કરતાં, તે જીવોને પણ કર્મની આધીનતા, પ્રગતિના પંથે વિચરવા દેતી નથી.

દેવલોકમાં છે આધીનતા શાતાવેદનીય કર્મ ઉપરની એ આધીનતા ધાર્મિક પ્રવૃત્તિમાં પૂર્ણ અવરોધક છે. સિદ્ધિસ્થાન ભૌગોલિક રીતે તેમનાથી સમીપ હોવા છતાં, તેઓ ત્યાં જઈ શકતાં નથી.

એક માનવ જન્મ એવો છે કે જે કર્મની આધીનતાને દૂર કરી શકે છે. એ માનવોની સંખ્યા કેટલી ? બાકીના માનવો આત્માની અશુદ્ધિમાં ઉમેરો કરે છે અને સંસારચક્રમાં પર્યટન કરે છે.

જે માનવો કર્મની આધીનતાથી દૂર થવા ઇચ્છે છે, તેમને જો યોગ્ય નિમિત્તો પ્રાપ્ત ન થાય તો તેમની ઉન્નતિ પણ અટકી જાય છે. પંચમકાળમાં ભરત અને ઐરાવ્રત ક્ષેત્રોમાં જન્મ પામતાં જીવોને માટે મુક્તિ નથી. અન્ય સુષમ સમયમાં પણ જેમને વજ્રઋષભનારીચ સંઘયણની પ્રાપ્તિ થઈ નથી, તેમને કર્મની પરાધીનતા મુક્તિ સ્થાન સુધી પહોંચવા દેતી નથી.

સંસારી આત્મા નિવાસ કરે છે દેહમાં. એક દેહનો વિલય થાય તો તુર્ત જ તે અન્ય દેહમાં નિવાસ કરે છે. આત્મા અમર ન બને ત્યાં સુધી દેહની પરાધીનતામાંથી તે છટકી શકતો નથી. દેહ આત્માથી અલગ છે એવી સમજણ હોવા છતાં આત્મા દેહ વિના રહી શકતો નથી.

સદેહી આત્મા આહારથી પરાધીનતા ભોગવે છે. અલ્પ કે અધિક, આહાર વિના આત્મા રહી શકતો નથી.

કેવલી ભગવંતનો આત્મા દેહને આધીન છે. અશાતા વેદનીય કર્મના પરિણામે પ્રાપ્ત થતી વેદનાથી તેઓ રહિત નથી. અશુભ નામ કર્મના પરિણામે પ્રાપ્ત થયેલી દુઃખદ અને અસુંદર દેહ રચના આયુષ્યના અંત સુધી તેમની સાથે રહે છે.

કેવલિ ભગવંતને કોઈપણ પ્રવૃત્તિ કરવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિલાષા હોઈ શકતી નથી. તેમની સઘળીયે પ્રવૃત્તિ તેમના કર્મ અનુસાર થયા કરે છે. ભલે એ કર્મ અઘાતી હોય. અઘાતી કર્મ ઉપરની તેમની પરાધીનતા, આયુષ્ય કર્મનો અંત ન થાય ત્યાં સુધી તેમને દેહમાં જકડી રાખે છે.

અચેતન પદાર્થ ઉપરની પરાધીનતા કયાં સંસારી જીવને નથી ? આત્મા સ્વતંત્ર છે એમ ગીત ગાવાથી, તેની અ-સ્વતંત્રનો અપલાપ થઈ શકે તેમ નથી.

આત્મા જેમ પરાધીન છે તેમ પુદ્‌ગલ દ્રવ્ય પણ પરાધીન છે. અચેતન પદાર્થ તેની ગતિ માટે જીવંત આત્મા ઉપર આધીન છે. જે પદાર્થ જે સ્થાને હોય તે સ્થાનથી અન્યત્ર તેની ગતિ ત્યારે જ થાય છે કે જયારે કોઈ જીવંત વ્યક્તિ તેને અન્ય સ્થાન ઉપલબ્ધ કરે છે.

વનસ્પતિ અને છરી તદ્દન નજીક હોય તો પણ નથી છરી વનસ્પતિને કાપતી અને નથી વનસ્પતિ છરીની સમીપે કપાવા જતી....જ્યારે કોઈ જીવંત વ્યક્તિ છરીનો ઉપયોગ વનસ્પતિ ઉપર કરે છે ત્યારે જ તે વનસ્પતિ કપાય છે.

દ્રવ્યત્વની દૃષ્ટિએ આત્મા, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ અને પુદ્‌ગલાસ્તિકાય, સર્વ સમાન દ્રવ્યો છે. તે પ્રત્યેક દ્રવ્ય પર પરસ્પર અવલંબિત છે.

દેહરૂપી અચેતન દ્રવ્યના પરિણમનની સાથે આત્માની આકૃતિમાં પણ પરિણમન થાય છે. જેમ જળની આકૃતિ, વાસણ બદલાતાં પલટાઈ જાય છે, તેમ દેહનું સ્વરૂપ પલટાતાં, આત્માની આકૃતિ પણ પલટાય છે.

એવી એક માન્યતા છે કે જયારે આત્માની પ્રગતિ થવાની હોય ત્યારે તે આત્માને સહાય કરવા માટે સદ્‌ગુરુ સહજ રીતે તેની પાસે હાજર થઈ જાય છે. એ સૂચવે છે કે ઉપાદાન આત્મા નિમિત્ત દ્રવ્ય ઉપર આધીન છે અને નિમિત્ત-દ્રવ્યરૂપ સદ્‌ગુરુ અન્યના આત્મા ઉપર આધીન છે. આ બન્નેની પરસ્પર કેટલી બધી પરાધીનતા છે !

એ પરાધીનતાનો સદા માટે અંત આવે ત્યારે આત્મા-સ્વરૂપ વિમુક્ત સ્વરૂપી બને છે. ❊

**"સાધનાની સફર ખેડે તે સંત છે,**
**મુક્તિના મીઠા સૂર છેડે તે મહંત છે,**
**જગતને જીતનારા અંતે હારી જાય છે,**
**જે ખુદની જાતને જીતે તે અરિહંત છે."**

**'શ્રી આત્માનંદ પ્રકાશ'**
માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સહ....

# શાહ શાંતિલાલ લાલચંદ–હારીજવાળા

"શાંતિ સદન", ૧૩૨-વિજયરાજનગર, શાસ્ત્રીનગર સામે, ભાવનગર-૩૬૪૦૦૩
ફોન : ૪૩૦૬૭૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ૨૬૦૦ વર્ષ પહેલાં જન્મ પામેલ એક મહામાનવ

*લેખક : પ્રશાંત દલાલ*

અષાઢ માસની શુક્લ ષષ્ઠીએ નંદનમુનિનો જીવ દસમાં દેવલોકમાંથી ચ્યવીને બ્રાહ્મણકુંડ નામનાં ગામમાં ઋષભદત્તની પત્ની દેવાનંદાના ગર્ભમાં અવતર્યો. આ નંદનમુનિનો જીવ જૈનોના ચોવીશમાં તીર્થંકર ભગવાન મહાવીર તરીકે તેમનો છેલ્લો ભવ પૂરો કરવા દેવાનંદાની કુક્ષીમાં આવ્યો. આ સમયે દેવાનંદાને ચૌદ મહાસ્વપ્નો આવ્યા. સવારે પોતાના પતિ ઋષભદત્તને ચૌદ સ્વપ્નોની વાત કરતાં ઋષભદત્તે કહ્યું કે : "જરૂરથી ચાર વેદોનો જાણનારો સૌભાગ્યવાન પુત્ર તને જન્મશે."

પ્રભુ દેવાનંદાના ગર્ભમાં બ્યાસી દિવસ રહ્યા. આ દિવસો દરમ્યાન ઋષભદત્ત બ્રાહ્મણને મોટી લક્ષ્મીની પ્રાપ્તિ થઈ. બ્યાસીમાં દિવસે સૌધર્મ દેવેન્દ્રનું સિંહાસન કંપાયમાન થયું. અવધિજ્ઞાનથી સૌધર્મ દેવેન્દ્રે જાણ્યું કે : "ત્રણ જગતના નાથ પ્રભુ મહાવીર આ ભરતક્ષેત્રમાં જન્મ લઈ રહ્યા છે." સૌધર્મ દેવેન્દ્ર અચંબામાં પડી ગયા કે "પ્રભુ મહાવીરનો જીવ બ્રાહ્મણ કુળમાં શા માટે ? તીર્થંકર તો ક્ષત્રીયકુળમાં જ ઉત્પન્ન થાય." પરંતુ કરેલા કર્મ ભગવાનને પણ ભોગવવા પડે છે. ભૂતકાળમાં મરિચિના ભવમાં પોતાના ઉચ્ચ કુળનું મદ કર્યું હતું અને તેથી આ છેલ્લા ભવમાં બ્રાહ્મણકુળમાં જવું પડ્યું.

સૌધર્મ ઇન્દ્રનો અધિકાર છે કે નીચ કુળમાં ઉત્પન્ન થયેલા અર્હંતના જીવને ઉચ્ચ કુળમાં લઈ જવો. સૌધર્મ ઇન્દ્રએ જોયું કે ક્ષત્રીયકુંડ નગરનો રાજા સિદ્ધાર્થની પત્ની ત્રિશલારાણી પણ દેવયોગે ગર્ભિણી છે. તેથી તેને દેવાનંદા અને ત્રિશલાના ગર્ભને અદલબદલ કરવાનું નક્કી કર્યું.

આ પ્રમાણે વિચારી પોતાના પાયદળના સેનાપતિ નૈગમૈષી દેવને બોલાવી દેવાનંદા અને ત્રિશલા માતાના ગર્ભની અદલાબદલી કરવાનો હુકમ કર્યો. નૈત્રમૈષી દેવે તરત જ સ્વામીની આજ્ઞા પ્રમાણે બન્ને ગર્ભની અદલાબદલી કરી. દેવાનંદા માતાએ પોતે અગાઉ જે ચૌદ સ્વપ્નો જોયા હતા તે પોતાના મુખમાંથી પાછા નીકળતાં દીઠા. તે જ સમયે ત્રિશલા માતાએ આ ચૌદ સ્વપ્નોને પોતાના મુખમાં પ્રવેશતા જોયા. ત્રિશલા માતાને આનંદ-આનંદ વ્યાપી ગયો. પ્રભુ ત્રિશલા માતાના ગર્ભમાં આવતા શક ઇન્દ્રની આજ્ઞા થતાં કુંભક દેવોએ સિદ્ધાર્થ રાજાના મહેલમાં ધનના ઢગલા કરવાના શરૂ કર્યા. જે રાજાઓ અગાઉ ગર્વથી સિદ્ધાર્થ રાજાને નમતા ન હતા તે રાજાઓ નમવા લાગ્યા અને સિદ્ધાર્થ રાજા માટે ભેટો લઈને આવવા લાગ્યા.

પ્રભુ ગર્ભમાં જ ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા. પોતાની માતાને દુઃખ ન પડે તે માટે પ્રભુ મહાવીરે ગર્ભમાં ફરકવાનું બંધ કરી દીધું. થોડાક સમય બાદ ત્રિશલા માતાને ચિંતા શરૂ થઈ. "મારો ગર્ભ કોઈએ હરી લીધો કે શું ?" વિચારી ત્રિશલા માતા આર્તધ્યાનમાં આવી ગયા. નથી ખાતા, નથી પીતા, નથી કપડા બદલતાં, વાળ છૂટા મૂકી દીધા છે. મોઢા પર હાથ રાખી રડવાનું શરૂ કરી દીધું. આ ખબર જાણી સિદ્ધાર્થ રાજા પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખી થઈ ગયા. સિદ્ધાર્થ રાજાનો મોટો પુત્ર નંદિવર્ધન તથા પુત્રી સુદર્શના પણ દુઃખી દુઃખી થઈ ગયા.

અમુક સમય પસાર થતાં ત્રણ જ્ઞાનના ધારક પ્રભુએ પોતાના માતા-પિતાને દુઃખી થયેલા જાણ્યા. તરત જ પગની એક આંગળી ગર્ભમાં હલાવી. ''મારો ગર્ભ હજુ અક્ષત છે.'' જાણી દેવી ત્રિશલા પ્રફુલ્લિત થઈ ગયા. ભગવાન મહાવીરે વિચાર્યું કે ''હજુ હું હાજરાહજુર થયો નથી. અદશ્ય છું અને મારા માતા-પિતાને મારા માટે આટલો બધો સ્નેહ ? તેથી જો હું તેમના જીવતા દીક્ષા લઈશ તો જરૂરથી મારા મોહમાં તેમનું મરણ બગડી જશે. મારા વિરહથી તેઓ આર્તધ્યાનમાં જતા રહેશે અને અશુભ ઉપાર્જન કરશે માટે મારા માતા-પિતાના જીવતા હું દીક્ષા લઈશ નહિ.'' આ રીતે ગર્ભમાં સાતમા મહિને ભગવાન મહાવીરે ઉપર પ્રમાણે પ્રતિજ્ઞા કરી.

બરાબર નવ મહિના અને સાડા સાત દિવસે ચૈત્ર માસની શુક્લ ત્રયોદશીએ જ્યારે બધાં જ ગ્રહો, બધા જ નક્ષત્રો ઉચ્ચ સ્થાન પર હતા ત્યારે ત્રિશલા માતાએ સિંહ લાંછનવાળા પુત્રને જન્મ આપ્યો. ભોગકરા વગેરે છપ્પન દિક્કુમારિકાઓ એ પ્રભુનું તથા માતાનું સૂતિકા કર્મ કર્યું. પ્રભુના જન્મ વખતે એક મિનીટ માટે સાત નારકી, સાત સ્વર્ગ તથા પૃથ્વી પર અજવાળું થયું અને નરકના જીવોને પણ આનંદ આનંદ વ્યાપી ગયો. સૌધર્મ ઈન્દ્રનું આસન કંપવા લાગ્યું. ત્રિશલા માતા પર અવસ્થાયનિકા નિંદ્રા ચૂકી સૌધર્મ ઈન્દ્ર પોતાના શરીરના પાંચ રૂપ કહી પ્રભુને મેરૂ પર્વત પર અતિપાંડુકંબલા નામની શીલા પર સ્નાત્ર પૂજા કરવા લઈ ગયા.

(ગુજરાત સમાચાર દૈનિક તા. ૨૦-૪-૨૦૦૦ને ગુરુવારના આગમ નિગમ અને અધ્યાત્મપૂર્તિમાંથી સાભાર)

❀

**ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.**

હેડ ઓફિસ : ૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર ફોન : ૪૨૯૦૭૦ ફેક્સ નં. (૦૨૭૮)) ૪૨૩૮૮૯

**: શાખાઓ :**

| | | | |
|---|---|---|---|
| ડોન : કૃષ્ણનગર<br>ફોન : ૪૩૯૭૮૨ | વડવા પાનવાડી<br>ફોન : ૪૨૫૦૭૧ | રૂપાણી-સરદારનગર<br>ફોન : ૫૬૫૯૬૦ | ભાવનગર-પરા<br>ફોન : ૪૪૫૭૯૬ |
| રામમંત્ર-મંદિર<br>ફોન : ૫૬૩૮૩૨ | ઘોઘા રોડ શાખા<br>ફોન : ૫૬૪૩૩૦ | શિશુવિહાર સર્કલ<br>ફોન : ૪૩૨૬૧૪ | |

**તા. ૧૧-૫-૨૦૦૦ થી થાપણો ઉપરના સુધારેલ વ્યાજના દર**

| સલામત રોકાણ | આકર્ષક વ્યાજ | સલામત રોકાણ | આકર્ષક વ્યાજ |
|---|---|---|---|
| ૩૦ દિવસથી ૪૫ દિવસ સુધી | ૫.૫ ટકા | ૧ વર્ષથી ૨ વર્ષની અંદર | ૯.૫ ટકા |
| ૪૬ દિવસથી ૯૦ દિવસ સુધી | ૬.૫ ટકા | ૨ વર્ષથી ૩ વર્ષની અંદર | ૧૦ ટકા |
| ૯૧ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૭ ટકા | ૩ વર્ષથી ૫ વર્ષની અંદર | ૧૦.૫ ટકા |
| ૧૮૦ દિવસથી ૧ વર્ષની અંદર | ૭.૫ ટકા | ૫ વર્ષ કે તે ઉપરાંત | ૧૧ ટકા |

**૭૮ માસે ડબલ ઉપરાંત રૂા. ૧,૦૦૦/-ના રૂા. ૨,૦૨૫ મળે છે.**

**સેવિંગ્ઝ તથા ફરજિયાત બચત ખાતામાં વ્યાજનો દર તા. ૧-૪-૨૦૦૦ થી ૫ ટકા રહેશે.**

**મનહરભાઈ એચ. વ્યાસ** — જનરલ મેનેજર
**નિરંજનભાઈ ડી. દવે** — મેનેજિંગ ડીરેકટર
**વેણીલાલ એમ. પારેખ** — ચેરમેન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્યપાદ ગુરુદેવ મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી
પ.પૂ. આગમપ્રજ્ઞ-તારક ગુરુદેવશ્રી

# જંબૂવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાનો

(હપ્તો ૨૧મો) (ગુરુવાણી ભાગ-૨માંથી સાભાર....)

દેવી કબૂલ કરે છે પછી તેને છોડે છે. કુમારપાળ મહારાજા રોગમુક્ત બને છે. આ પ્રમાણે અહિંસામાં અડગ રહીને તેમણે રાજ્યમાંથી 'મારી' શબ્દને પણ દેશવટો આપ્યો. કુમારપાળ મહારાજના વખતમાં સુવર્ણયુગ હતો. આવતી ચોવીશીમાં શ્રેણિક મહારાજા તીર્થંકર બનશે અને કુમારપાળ મહારાજ તેમના ગણધર બનશે.

આમ હેમચંદ્રસૂરિ મહારાજે કુમારપાળ મહારાજા દ્વારા ચારે બાજુ અહિંસાનો ઝંડો લહેરાવ્યો હતો. અહિંસાની લડત આપનારા ગાંધીજી અને હેમચંદ્રસૂરિ મહારાજ બન્ને મોઢ વણિક હતા. મોઢ માટે એક કહેવત આવે છે કે ''અંગે હોજો કોઢ પણ પડોશમાં ન હોજો મોઢ.'' મોઢ બહુ શક્તિશાળી હોય છે. હેમચંદ્રસૂરિ મહારાજે અનેક રાજાઓને પોતાના કરીને અહિંસા પ્રવર્તાવી અને ગાંધીજીએ અહિંસાની લડત આપીને ભારત દેશને મુક્ત કર્યો.

## પૂ. હીરસૂરિ મ....

તે પછી જ્યારે ચારેબાજુ હિંસાનું સામ્રાજ્ય પથરાયેલું હતું ત્યારે હીરસૂરિ મહારાજ થયા. તે સમયનું પ્રહલાદનપુર અને આજનું પાલનપુર. જ્યાં પલ્લવીયા પાર્શ્વનાથનો ખૂબ જ મહિમા. જૈનોની વસ્તી ખૂબ જ મોટા પ્રમાણમાં. પલ્લવીયા પાર્શ્વનાથના દહેરાસરમાં રોજના ૬૪ મણ ચોખા, ૧૬ મણ સોપારી ચડતી હતી....આવા જાહોજલાલીવાળા નગરમાં ઓસવાલ વંશીય શ્રેણ્ઠિવર્ય શ્રી કુરાશાહ પ્રસિદ્ધ હતાં. ધર્મપરાયણ હતાં. તેમના ધર્મપત્ની નાથીબાઈ પણ એટલા જ ધર્મપ્રેમી હતા. ધર્મપરાયણ આ કુટુંબમાં વિ. સં. ૧૫૮૩ના માગશીર્ષ શુક્લ નવમીના દિવસે એક તેજસ્વી પુત્ર રત્નનો જન્મ થયો. તેનું હીરજી એવું નામ પાડવામાં આવ્યું. માતા-પિતાના સંસ્કારોની છાયા મોટેભાગે બાળકમાં આવતી જ હોય છે. હીરજી પણ ધાર્મિક વૃત્તિવાળા બન્યા. કમનસીબે નાની ઉંમરમાં જ માતા-પિતા સ્વર્ગવાસી બન્યા. તેમને ત્રણ બહેનો હતી. જે પાટણમાં પરણાવેલી. માતા-પિતાનું છત્ર ચાલ્યું જતા નિરાધાર બનેલા હીરજીનો આધાર બહેન બની. બહેન તેમને પાટણમાં લઈ આવી. વિ. સં. ૧૫૯૫માં પાટણની પાવન ધરતી પર પૂજ્ય દાનસૂરિ મહારાજની ચોમાસા માટે પધરામણી થઈ. હીરજી પણ ધર્મારાધનામાં જોડાયા. ધીમે-ધીમે ધર્મનો રંગ બરાબર લાગ્યો. આચાર્ય મહારાજ સાથે પરિચય ગાઢ બન્યો. સંસાર પર નફરત જાગી. બહેન પાસે દીક્ષાની માંગણી કરી. બહેને પોતાના નાના ભાઈને ઘણું સમજાવ્યું છતાં પણ હીરજી પોતાની ભાવનામાં અડગ રહ્યા. છેવટે અનુમતિ મેળવીને સં. ૧૫૯૬ કારતક વદ બીજના જ ચતુર્વિધ સંઘની સમક્ષ ઉપકારી ગુરુદેવ પૂ. શ્રી દાનસૂરિ મહારાજ પાસે દીક્ષા લીધી અને હીરજીમાંથી મુનિ હીરહર્ષ બન્યાં. તેર વર્ષની બાલવયે જ અણગાર બન્યા. પરમકૃપાળુ ગુરુદેવની પરમકૃપા અને આશીર્વાદથી સર્વશાસ્ત્રાભ્યાસમાં આગળ આવ્યા. દેવગિરિમાં ન્યાય અને તર્કશાસ્ત્રનો અભ્યાસ પૂર્ણ કર્યો. અભ્યાસ પૂર્ણ કરી પૂજ્ય ગુરુદેવ પાસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યા. મારવાડમાં નાડલાઈ મુકામે પૂજ્ય ગુરુદેવે સં. ૧૬૦૮માં ઉપાધ્યાય પદવી આપી અને સં. ૧૬૧૦માં પોષ સુદ ૧૦ના શિરોહી મુકામે આચાર્ય પદવીથી વિભૂષિત કર્યા. તે સમયે સંઘનો એટલો બધો ઉત્સાહ અને આવી પુણ્યવાન વ્યક્તિના પુણ્યે એક કરોડ રૂપિયાનો સંઘે ખર્ચ કર્યો. આ રીતે હીરસૂરિ મહારાજનો ઉદય થયો. ચારે બાજુ હીરસૂરિ મહારાજની બોલબોલા છે. એ સમયે કોઈએ રાજાના કાન ભંભેર્યા કે હીરસૂરિ મહારાજ છોકરાઓને ફસાવે છે. તેથી આચાર્ય મહારાજ પર વોરંટ છૂટ્યું. રાતોરાત પાટણથી નીકળીને કુણઘેર આવે છે રસ્તામાં કોઈ સાધુને સર્પ કરડે છે. સાધુ એકદમ બૂમ પાડે છે ગુરુદેવ ! સર્પ કરડ્યો. આચાર્ય મહારાજ પાસે આવીને ખાલી સ્પર્શ જ કરે છે અને કહે છે કે ચાલ ઉભો થા, ચાલવા માંડ. સ્પર્શમાત્રથી સર્પનું ઝેર ઉતરી જાય છે. આવા પ્રખર ત્યાગી, તપસ્વી હતા. રોજ ૫૦૦ લોગસ્સનો કાઉસગ્ગ ઉભા-ઉભા કરતા હતા.

## ગુરુ-ભક્તિ :–

હવે એકવાર ગાંધારમાં ચોમાસું પધારી રહ્યા છે. ગાંધારના શ્રાવકોને ખબર પડી....ખબર આપનાર માણસની તરફ શેઠે ચાવીનો ઝૂડો ફેંક્યો અને કહે કે તને જે ચાવી ગમે તે લઈ લે તે રૂમમાં જે હોય તે તારું. પેલા માણસે મોટી ચાવી જોઈને ઉપાડી...અને ગોદામ ખોલ્યું તો તે દોરડાનું ગોદામ નીકળ્યું. પણ એ દોરડાં યે લાખોની કિંમતના હતાં. આવા તો ત્યાંના શ્રાવકો હતા. આચાર્ય ભગવંત ગાંધારમાં આરાધના કરાવી રહ્યા છે.

આ બાજુ દિલ્હીના તકતા પર અકબર બાદશાહનું રાજ્ય હતું. તે ખૂબ જ ક્રૂર-હિંસક હતો. તેને રોજ ૫૦૦ ચકલાની જીભની ચટણી કરીને ખાવા જોઈતી હતી. ભયંકર ખૂની. આવા અકબરને પાછલી ઉંમરમાં ધર્મ સાંભળવાની જિજ્ઞાસા થઈ. તે પોતાની સભામાં રોજ નવા-નવા ધર્મગુરુઓને બોલાવતો અને ધર્મ સાંભળતો. એક દિવસ રાજસભામાં બેઠેલો છે.

## ચંપા શ્રાવિકા :–

આ બાજુ ચંપા નામની શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યા હતા. આવા આદર્શ તપસ્વીનો આદર કરવા આગરાનો સંઘ અગ્રેસર રહેતો. ચંપાબાઈને દર્શન કરવા વસ્ત્રાભૂષણોથી સુસજ્જિત બનાવી પાલખીમાં બેસાડીને વાજિંત્રોના ઠાઠ-માઠ સાથે હજારોની સંખ્યામાં ઉભરાયેલી જૈન જનતા સાથે લઈ જવામાં આવતા હતા ત્યારે વાજિંત્રોનો મધુર ધ્વનિ અને જનતાનો કોલાહલ સભામાં બેઠેલા અકબર બાદશાહના કાને પડ્યો. અકબરે અનુચરને આજ્ઞા ફરમાવી 'અરે ! જઈને જોઈ આવો કે બધી ધમાલ શાની છે ?' અનુચર તપાસ કરીને આવ્યો. હજૂર ! ચંપા નામની બાઈએ છ મહિનાના ઉપવાસ કર્યા છે તેના બહુમાનમાં જુલુશ નીકળ્યો છે. જૈનોના ઉપવાસ એટલે દિવસે અમુક સમય સુધી ઉકાળેલું પાણી પીવાનું. રાતે તો તે પણ બંધ. અરે ! મુસલમાનમાં રોજો થાય છે તેમાં દિવસે ખાવાનું નહીં પણ રાતે તો પેટ ભરીને જમવાનું હોય છે. એક મહિનાના રોજામાં તો લે-મેલ થઈ જાય છે તો આ સ્ત્રી છ મહિના સુધી અન્ન વગર કઈ રીતે રહી શકે ? કહેવાય છે કે બાદશાહે પરીક્ષા કરવા માટે ચંપાને શાહી મહેલમાં રાખી. તેની ફરતો ચોકી પહેરો ગોઠવી દીધો. ચંપાની તપ ઉપાસના ગજબની હતી. દિવસે સુવાનું નહીં. ધર્મારાધના જ કરવાની. રાતે થોડીવાર આરામ....જરાય થકાવટ-રૂકાવટ નહીં, આંતરતેજ સાથે ચંપામાં દિવ્યતાનાં દર્શન થતાં, દાદા આદિનાથ....અને હીરસૂરિશ્વરજી મહારાજના નામનો જાપ ચાલુ હતો.

*(ક્રમશઃ)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રેષ્ઠ ધર્માચરણ

નાનકડું અને રળિયામણું એક નગર.

ભલી એની પ્રજા અને શાણો તેનો રાજા.

હેત-પ્રીતનો સર્વત્ર વ્યવહાર. ક્યાંય કટુતા નહિ અને ક્યાંય ક્લેશ નહિ. ના તો કોઈ દ્વેષ કરે, ના કોઈ ઈર્ષ્યા કરે! જાણે વહાલપનું રચાયું વર્તુળ!

પરંતુ એવા રૂડા નગરમાં ય એક વખત એક સંકટ આવ્યું. સંકટ તે કેવું સંકટ! લોકો તોબા પોકારી ઊઠ્યા....સહુ ત્રાસી ગયા....હા, કોઈ અજાણ્યા વ્યાધિ (રોગ) એ નગરને ઘેરો ઘાલ્યો હતો. વૈદ્યો અને હકીમો હારી ગયા. ડૉકટરો મુંઝાઈ ગયા. આ તે કેવો વ્યાધિ, જેણે ફેલાવી છે ચોમેર ઉપાધિ!

ના તો કોઈને રોગનું મૂળ સમજાય અને ના તો કોઈને રોગનો ઉપાય સૂઝે. હવે કરવું શું ?

એવામાં એ નગરમાં ત્રણ ભૂવા પધાર્યા. ત્રણે ભૂવાઓ મંત્ર-તંત્રની વિદ્યામાં ગજબના પારંગત હતા. તે દરેક ભૂવાએ એક એક ભૂતને વશ કરી લીધું હતું. તે ત્રણે જણા રાજાના દરબારમાં ઉપસ્થિત થયા અને બોલ્યા :

'મહારાજ ! આપના નગરમાં જે રોગચાળો ફાટ્યો છે, તેનો ઉપાય અમારી પાસે છે. આપ, કહો તો બે જ દિવસમાં સમગ્ર નગરને રોગમુક્ત કરી દઈએ.'

રાજા રાજી થયો, તો પછી વિલંબ શાનો? તમને મોં માગ્યાં દામ મળશે. મારા નગરજનોને આપ તત્કાળ રોગમુક્ત કરવાનો આરંભ કરો !'

'જી, મહારાજ ! પણ એક શરત છે....'

'કેવી શરત ?'

'અમે ત્રણ જણા એકસાથે આ ઉપચાર કરી શકીએ એમ નથી.' ભૂવા બોલ્યા.

'તો કોઈપણ એક જણ શરૂ કરો. રાજાએ કહ્યું.

'તે એક જણની પસંદગી આપે જ કરવી પડશે.' એમ કહીને એક ભૂવો આગળ વધ્યો અને બોલ્યો, 'નામનવર! ઘણાં વર્ષોની ઉત્કટ સાધના દ્વારા મેં એક ભૂતને વશ કર્યું છે તે વરણાગિયું ભૂત છે. સોળે શણગાર સજીને રૂપાળું સ્વરૂપ ધારણ કરીને નગરમાં નીકળે છે. પરંતુ જો કોઈ વ્યક્તિ તેના રૂપની પ્રશંસા કરે છે તો તે રોષે ભરાય છે અને તત્ક્ષણ તેને ખતમ કરી દે છે. મારા ભૂતનો સ્વભાવ એ છે કે, તેનું રૂપ જોયા પછી પણ કોઈએ તેની પ્રશંસા ના કરવી. પ્રશંસા કરનારને તે ખતમ કરે છે અને મૌન રહેનારની બીમારી તથા અન્ય તમામ ઉપદ્રવો પળમાત્રમાં દૂર કરે છે!'

રાજા વિચારમાં પડ્યો. રૂપ જોઈને તેની પ્રશંસા તો સૌ કરે. આ ભૂત દ્વારા ઉપચાર કરાવવામાં તો ભારે જોખમ છે. તેણે કહ્યું, 'ભાઈ! મારે નગરને રોગમુક્ત કરવું છે, પ્રજામુક્ત નહિ. તમારા ભૂતનો પ્રયોગ શક્ય નથી.'

ત્યાં બીજો ભૂવો આગળ આવ્યો. તેણે કહ્યું, 'મહારાજ! મેં પણ એક ભૂતને વશ કર્યું છે. તેની પણ એક ભારે વિચિત્રતા છે. તેનો સ્વભાવ એવો છે કે તે પોતાના સ્વરૂપને બેડોળ અને વિકૃત બનાવીને નગરમાં ફરે છે. તેને જોઈને જો કોઈ વ્યક્તિ તેની ટીકા કરે અથવા તો અણગમો વ્યક્ત કરે તો એ જ પળે ભૂત તેને ભરખી જાય છે. પરંતુ જો સામેની વ્યક્તિ શાંત રહે તો તેને ભરપૂર સુખ અને આરોગ્યની ભેટ આપે છે.'

રાજા ફરીથી વિચારમાં પડ્યો. ના, ના. આ

For Private And Personal Use Only

ભુવાના ભૂત દ્વારા પણ ઉપચાર ના કરાવાય. કુરૂપતા જોઈને તો કોઈપણ વ્યક્તિ ટીકા કરી જ બેસે ને ! આ ઉપચાર પણ જોખમી છે.

ત્યાં ત્રીજો ભૂવો આગળ આવી બોલ્યો, 'મહારાજ ! મેં પણ તીવ્ર તપસ્યા દ્વારા એક ભૂત વશ કર્યું છે. તેની વિશેષતા એ છે કે, તે ગમે તે સ્વરૂપ ધારણ કરીને નગરમાં ફરવા નીકળે છે. પરંતુ લોકો તેની પ્રશંસા કરે કે ટીકા કરે તેનો તેના ઉપર કોઈ જ પ્રભાવ પડતો નથી. તે દરેક પળે શાંત અને સ્વસ્થ રહે છે અને સૌના રોગ દૂર કરે છે.'

રાજા પ્રસન્ન થઈને બોલ્યો, 'હે ભાઈ ! તમે તરત તમારા ભૂત દ્વારા ઉપચારનો આરંભ કરો.'

આપણે પ્રશંસાથી ફુલાઈ જઈએ છીએ... રીઝી જઈએ છીએ. ટીકા સાંભળીને આપણે રાતાચોળ થઈ જઈએ છીએ.

જે સ્વસ્થ અને શાંત રહે છે તે પોતે ય સુખી થાય છે ને બીજાઓને ય સુખી કરે છે. નરસિંહ મહેતાએ કહ્યું છે કે, સુખ દુઃખ મનમાં ના આણીએ, ઘટ સાથે રે ઘડિયાં!

ધર્મ માનવીને 'સમ' અને સમતાભાવમાં રહેવાનું જ શીખવે છે. જ્યાં સમતા ના હોય ત્યાં મમતા ના રાખશો. જે સમ છે તેનામાં જ ખરો દમ છે! 'સમ' દ્વારા 'ગમ'ને દૂર કરવાનો ઉદ્યમ એ જ શ્રેષ્ઠ ધર્માચરણ છે.


# ભાવનગર મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લિ.

भावनगर मर्कन्टाइल को-ओपरेटीव बेन्क लि. Bhavnagar Mercantile Co-Operative Bank Ltd.

❑ **હેડ ઓફિસ** : લોખંડ બજાર, ભાવનગર　ફોન : ૪૨૪૧૮૧, ૪૨૯૧૮૯

**બ્રાન્ચ** : ❖ માર્કેટીંગ યાર્ડ, ભાવનગર　ફોન : ૪૪૫૦૦૮, ૪૪[illegible]૨૬૧

❖ માધવદર્શન, ભાવનગર　ફોન : ૪૨૦૭૯૯, ૪૨૬૪૨૧

**થાપણના વ્યાજનાં દરો**　(તા. ૯-૫-૨૦૦૦ થી અમલમાં)

| | |
|---|---|
| ❖ સેવિંગ્ઝ | ૪.૫ ટકા |
| ❖ ફિક્સ ડીપોઝીટ : | |
| ૩૦ દિવસથી ૧ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૬ ટકા |
| ૧ વર્ષથી ૨ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૮ ટકા |
| ૨ વર્ષથી ૩ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૧૦.૫ ટકા |
| ૩ વર્ષથી ૫ વર્ષ કરતાં ઓછા સમય માટે | ૧૧ ટકા |
| ૫ વર્ષ અને ઉપરાંતના સમય માટે | ૧૧.૫ ટકા |

: વધુ વિગત માટે બેન્કમાં રૂબરૂ સંપર્ક સાધો :

**શ્રી કનૈયાલાલ વૃજલાલ પંડયા**
ચેરમેન

**શ્રી ઇન્દુકુમાર ઉકાભાઈ પટેલ**
મેનેજિંગ ડીરેકટર

**શ્રી વલ્લભભાઈ ભાઈલાલભાઈ પટેલ**
વા. ચેરમેન

**શ્રી પુરુષોત્તમદાસ વૃજલાલ શાહ**
જો. મે. ડીરેક્ટર

**શ્રી જે. એમ. શાહ**
મેનેજર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શોકાંજલિ

મુંબઈનિવાસી શેઠશ્રી નવીનચંદ્ર છગનલાલ કંપાણી ગત તા. ૩૧-૮-૨૦૦૦ના રોજ અરિહંત શરણ પામેલ છે.

તેઓશ્રી આ સભાના વર્ષોથી પેટ્રન મેમ્બર હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી-મમતા ધરાવતા હતા. મુંબઈ ખાતે પણ અનેક સંસ્થાઓમાં તેઓશ્રી માનદ્ સેવા આપતા હતા. સભા દ્વારા ચાલતી વિવિધ માનદ્ સેવાના તેઓશ્રી હિમાયતી હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે, સાથે-સાથે સદ્‌ગતશ્રીના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લિ.
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર

## શોકાંજલિ

ભાવનગરનિવાસી શેઠશ્રી પ્રવિણચંદ્ર ગુલાબચંદ શાહ (સોપારીવાળા) ગત તા. ૩૦-૮-૨૦૦૦ બુધવારના રોજ અરિહંત શરણ થયા છે.

તેઓશ્રી આ સભાના વર્ષોથી આજીવન સભ્ય હતા. સભા પ્રત્યે તેઓશ્રી અનન્ય લાગણી અને મમતા ધરાવતા હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે, સાથે સાથે સદ્‌ગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લિ.
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ—ભાવનગર

## શોકાંજલિ

ભાવનગરનિવાસી શેઠશ્રી રતિલાલ સાકરચંદ શાહ (ઉ. વ. ૮૭) ગત તા. ૧૦-૮-૨૦૦૦ને ગુરુવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

તેઓશ્રી આ સભાના વર્ષોથી આજીવન સભ્યશ્રી હતા. આ સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી અને મમતા ધરાવવા ઉપરાંત સભા દ્વારા ચાલતી કેળવણી વિષયક પ્રવૃત્તિમાં પણ તેઓશ્રી સારા એવા ઉપયોગી થયા હતા. સભા દ્વારા ચાલતી અનેકવિધ ધાર્મિક તેમ જ સામાજિક પ્રવૃત્તિઓના તેઓશ્રી હિમાયતી હતા.

તેઓશ્રીના દુઃખદ અવસાનથી તેમના કુટુંબ-પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે, સાથે સાથે સદ્‌ગતશ્રીના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

લિ.
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા જ્ઞાનપંચમી મહોત્સવની ઉજવણીનું આયોજન

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર દ્વારા પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ સંવત ૨૦૫૭ના કારતક સુદ-૫ બુધવાર તા. ૧-૧૧-૨૦૦૦ના રોજ જ્ઞાનપંચમીના પવિત્ર પર્વ નિમિત્તે સભાના વિશાળ લાઈબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક જ્ઞાનની ગોઠવણી કરવામાં આવનાર છે.

સુંદર અને કલાત્મક જ્ઞાનના દર્શનાર્થે સકલ શ્રીસંઘના ભાઈ-બહેનો તથા બાલક-બાલિકાઓએ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

*લિ.*
*શ્રી જૈન આત્માનંદ સભા*
*ખારગેઈટ, ભાવનગર*

'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી હાર્દિક મનોકામના અને શુભેચ્છા સાથે....

**✧ ડી. એલ. શાહ ✧**

❖ પ્રેસર કુકર, સીલીંગ ફેન, પલંગ, ઘડીયાળ, મીક્ષચર, સ્ટીલ વાસણ સરળ હપ્તેથી ખરીદવા માટે મળો.

❖ ઇમ્પોર્ટેડ ફ્લાવર, થર્મોવેર, કોકરી વેર, ફેન્સી પર્સ, ગીફ્ટ આઇટમ, કાર્ડસ તથા હોમ એપ્લાયન્સની અનેક વિવિધ વેરાઈટીઓ....

**ધનલક્ષ્મી એજન્સી ડીપાર્ટમેન્ટ**

❖ કાવેરી કોર્પોરેશન, નવાપરા, ભાવનગર-૩૬૪૦૦૧
❖ હવેલીવાળી શેરી, વોરાબજાર, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૪૨૭૯૦૨

For Private And Personal Use Only

With Best Compliments From :

**SHAH** *Eletricals*

**AUTHORISED DISTRIBUTORS**

| | | |
|---|---|---|
| **VINAY** | **REFLEX** | **METRO POWER** |
| ELECTRICAL GOODS | Wire & Cable | Minolta Fittings |
| **COZY** | **JENI** | **CROWN** |
| Unbreakable Accessories | Chowk - Patti | Water Pumpset |
| **SURYA** | **SUPER-WIZ** | **JUG-MUG** |
| Lamps-Tubes | Universal Instant Adhesive | Lamps-(Fancy) |
| **SONAL** | **CUTE** | **ENCORE** |
| Bopp Adhesive Tapes | Modular Range | Mixer-Grinder |
| **BAJAJ** | **MYSORE** | **CORD LESS** |
| Instant Geyser | Lamps - Tubes & Luminaires | **BELL PHONES** |

Mota Faliya, Nanbha Street, BHAVNAGAR-1 ✆ : O. 421705, R. 510921 FAX : 421250


**દવા લીધા વિના ટોનીક લેવા જનારો દર્દી, જેમ દર્દને**
**રવાના કરવામાં સફળતા પામતો નથી.**
**તેમ**
**જીવમાત્ર પ્રત્યે પ્રેમ કેળવ્યા વિના પરમાત્માની ભક્તિ**
**શરૂ કરી દેનારો સાધક, દોષનાશ કરવામાં સફળતા પામતો નથી.**


With Best Compliments From :


*Unique Agencies*

**PHARMACEUTICAL DISTRIBUTORS**

J.A.S. BUILDING, KHARGATE, BHAVNAGAR-364001 (GUJARAT)

PH. (0278) O. 432118, 430443 R. 436708, 422983

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## શ્રી જૈન આત્માનંદ સભા યોજિત
## સંસ્કૃત વિષયક પારિતોષિક સમારંભ

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના ઉપક્રમે માર્ચ-૨૦૦૦માં ન્યુ. એસ.એસ.સી સંસ્કૃત વિષયમાં ૮૦ ટકાથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનારા જૈન સમાજના તેજસ્વી તારલાઓનું કલાત્મક મોમેન્ટો, રૂા. ૨૦૦=૦૦ સુધીના રોકડ પારિતોષિકો, બે ધાર્મિક કેસેટોના સેટ તથા અભિનંદન પ્રમાણપત્ર દ્વારા સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી શશીભાઈ વાધર, જાણીતા ઉદ્યોગપતિઓ શ્રી નિશીથભાઈ મહેતા તથા શ્રી રમેશભાઈ વિ. શાહના વરદ્ હસ્તે બહુમાન તા. ૧-૧૦-૨૦૦૦ને રવિવારના રોજ કરવામાં આવેલ.

મંગળ પ્રાર્થના બાદ સ્વાગત પ્રવચન સંસ્થાના મંત્રીશ્રી ચીમનભાઈ શાહે, મહેમાન પરિચય ઉપપ્રમુખશ્રી દિવ્યકાંત સલોત, સંસ્થાકીય પરિચય પ્રમુખશ્રી પ્રમોદકાંતભાઈ શાહે, મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત શ્રી હર્ષદભાઈ સલોત તથા શ્રી હસમુખભાઈ હારીજવાળાએ તથા સંસ્કૃતભાષાનું મહત્વ આગવી શૈલીથી મંત્રીશ્રી ભાસ્કરભાઈ વકીલે સમજાવેલ.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી કાંતિભાઈ સલોત તથા ભૂપતભાઈ શાહ તથા વિજેતાઓના વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વાલીઓ તથા સમારંભ માટેના વાલીઓ તથા વિજેતાઓના સાનુકૂળ પ્રતિભાવોથી આ અભિનંદન સમારંભ ચિરસ્મરણીય બની ગયેલ.

સમારંભની સફળતા માટે શુભાશીર્વાદ પાઠવતા સંદેશા આ.શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.-પાલીતાણા, આ.શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.-મુંબઈ, આ.શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ.સા.-અમદાવાદ, મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.-બદ્રીનાથ તથા મહેન્દ્ર ચત્રભુજ ગાંધી ફાઉન્ડેશન મુંબઈના ટ્રસ્ટીવર્યશ્રી રજનીકાંતભાઈ ગાંધી તથા ડૉ. રમણીકભાઈ મહેતા તથા ભાવનગર જૈન શ્વે. મૂ. પૂ. સંઘના પ્રમુખશ્રી મનમોહનભાઈ તંબોળી વગેરેના પત્રો દ્વારા સંદેશાઓ આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટ્રસ્ટીશ્રી મનહરભાઈ મહેતાએ, વ્યવસ્થા સભાના મેનેજરશ્રી મુકેશભાઈ સરવૈયા તથા આસીસટન્ટ શ્રી અનીલભાઈ શેઠ દ્વારા કરવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash ❑ સપ્ટેમ્બર-ઓક્ટોબર : ૨૦૦૦ ❑ Regd. No. GBV 31

उदितं दुःखदं कर्म भेद्यं वाऽभेद्यमेस्ति वा।
इत्यज्ञेयं ततो भेत्तुं तद् भवेत् सम्यगुद्यतः ।।

卐

ઉદયમાં આવેલું દુઃખદ કર્મ ભેદ્ય કોટીનું છે કે અભેદ્ય પ્રકારનું એ આપણે જાણી શકતા નથી. માટે તેને ભેદવા માટે યોગ્ય રીતે પ્રયત્નશીલ થવું ઘટે. ૧૯

卐

It is impossible for us to know whether the evil distressful Karma is vulnerable or invulnerable. So we should be duly intent upon destroying that Karma.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૫, ગાથા-૧૯, પૃષ્ઠ ૮૨)*

卐

પ્રતિ,

FROM :
**શ્રી આત્માનંદ પ્રકાશ**
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only